ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૧-૨૦૧૫, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### મોદી પર કિસ્મતની દેવી મહેરબાન

પેટ્રોલ-ડીઝલના ઘટતા ભાવ સાથે સામાન્ય પ્રજામાં વડાપ્રધાન નરેન્દ્રમોદીનો ભાવ વધતો જાય છે. કોઈ પણ સામાન્ય માણસને પૂછીએ તો કહેશે, 'જોયું' મોદી સાહેબે આવતાં વેંત તેલ કંપનીઓને કેવી સીધી દોર કરી નાખી! આઠ મહિનામાં ભાવમાં 'ધરખમ' ઘટાડો કરી દીધો. મોદી ખરેખર કિસ્મતના બાદશાહ છે. 'અરે, પ્રારબ્ધ તો ઘેલું , ન માગ્યું દોડતું આવે!'- એ કવિવચન મોદીની બાબતમાં સાચું પડતું રહ્યું છે. જો કે પાર્ટી પરનો શત પ્રતિશત કબજો મેળવવાના મુદ્દે તેમજ વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે પોતાનું નામ જાહેર કરાવવા બાબતે એમણે લીધલું અક્કડ વલણ જાણીતું છે. પરંતુ કિસ્મતની દેવીએ એમને હરહંમેશ સાથ આપ્યો છે. ૧૬ જૂન, ૨૦૧૪ના રોજ વડા પ્રધાનપદ સંભાળ્યું તે સમયે પેટ્રોલની લિટર દીઠ કિંમત રૂ.૭૧.૪૬ હતી. આજે એક લિટર પેટ્રોલ રૂ.૫૮.૯૧માં મળવા માંડ્યું છે. આટલા ભાવે ચાર વર્ષ પહેલાં મળતું હતું. મતલબ કે મોંઘવારી ઘટી જ છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે તેલ ઉત્પાદન કરતી કંપનીઓ વિવિધ કારણોસર ધરખમ ભાવ ઘટાડતી રહી છે, પણ એનો સંપૂર્ણ લાભ પ્રજાને ન મળે એની કેંન્દ્ર સરકારે બરાબર કાળજી રાખી છે. સરકારે ભાવઘટાડાનો આંશિક લાભ આપીને પોતાની તિજોરી તર કરવાનો વાણિયાશાઈ અભિગમ દાખવ્યો છે. ૧૬ જૂન, ૨૦૧૪ના રોજ આબકારી જકાત(એકસાઈઝ ડયૂટી) રૂ.૯.૪૮ હતી જે આજની તારીખે રૂ.૧૭.૪૬ એટલે કે લગભગ બમણી કરી દેવામાં આવી છે. જો ડયૂટી ન વધારાઈ હોત તો પેટ્રોલના ભાવમાં લિટરે સાડાબાર રૂપિયાને બદલે રૂ.૨૦.૩૦ જેટલો ઘટાડો થયો હોત. એ જ રીતે ડીઝલ અત્યારે ૭.૩૪ રૂ. સસ્તું થયું છે એને બદલે ચૌદ રૂપિયા જેટલું એટલે કે બમણું સસ્તું થયું હોત. સરકારે એકસાઈઝ ડયૂટીમાં સતત વધારો કરતાં રહી માર્ચ, ૨૦૧૫ સુધીમાં અંદાજે ૨૦૦૦૦ કરોડની રોકડી કરી લીધી છે. એક તરફ કેંન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન 'ભાવ ઘટાડવા અમારા હાથમાં કયાં છે? આ નિર્ણય તો તેલ કંપનીઓ કરે છે' કહી પોતાની જવાબદારીના મુદ્દે હાથ ખંખેરી દે છે. બીજી તરફ કોંગ્રેસના પ્રવકતા કહે છે કે સરકાર છાશવારે ડયૂટી વધારી વધારીને લોકોને છેતરતી ફરે છે. આમ પ્રજાને આ બધું ગણિત કોણ સમજાવે? એની પાસે એવાં લેખાંજોખાં માંડવાનો વખત પણ કયાં છે? એને તો ખિસ્સા પર ક્રમશઃબોજ ઘટતો જાય છે, એટલો સંતોષ છે. મોંઘવારીના મૂળમાં આ તેલપેદાશોના આસમાને પહોંચેલા ભાવ જવારદાર હતા. હવે તેલના ભાવ ઘટતાં કાર્ટેજ સહિત ઘણું બધું સસ્તું થાય તો પ્રજાને રાહત થશે. જો કે સરકારની જેમ રિક્ષાથી લઈ સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ સુધી કોઈએ આવો ભાવ ઘટાડો જાહેર કરેલ નથી. એટલે હાલ પૂરતું ખાનગી વાહન ધરાવતા નાગરિકો જરૂર આશ્વાસન લઈ શકે, પણ બજારમાં મોંઘવારીમાં ખાસ ઘટાડો નોંધાયેલ નથી. હા, મોદી સાહેબે લાલ આંખ કરી એટલે પેટ્રોલ-ડીઝલ સસ્તાં થઈ ગયાં છે- એવી મોં માથા વગરની વાતો ચોરેને ચૌટે જરૂર ચર્ચાતી રહે છે, આનું નામ તે કિસ્મત!

# સનદી અધિકારી ડૉ. એસ. કે. નંદાના પુસ્તકનું મુખ્યમંત્રીના વરદ્હસ્તે લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૭

-વર સનદી અધિકારી અને જી.એસ.એફ.સી.ના ચેરમેન અને મેનેજિંગ ડાઈરેકટર ડો. એસ. કે. નંદા રચિત ડાંગ ભારતનું અલ્પ પરિચિત સ્વર્ગ - આ પુસ્તકનું મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ હસ્તે ગાંધીનગર ખાતે લોકાર્પણ થયું.

ડાંગનું સૌંદર્ય અને ડાંગ વિષેના -વાસન તત્વને -સરવતા આ પુસ્તકમાં શ્રી નંદાએ ડાંગને ભારતના સ્વર્ગ તરીકે નવાજી તેમોં લખ્યું છે કે... પુસ્તકમાં માત્ર આદિવાસી જીવન અને -દેશના વિવિધ પાસાઓને જ આવરી લેવાયા નથી, પરંતુ તે એક અલૌકિક સચિત્ર પુસ્તકમાં પરિણમ્યું છે, જે એક અલગ જ -કારે સમસ્ત જીલ્લાને દર્શાવે છે. લેખકે તેમની યાદગીરી, છબીઓ તેમજ આ સ્થળને વિદ્વાનો તથા -વાસીઓ કે જેઓ માનવવંશીય કળા અને -કૃતિક ઔષધીઓમાં રસ ધરાવતા હોય અને સાપુતારાના આ હિલ સ્ટેશનની મુલાકાતિયો માટેના એક આશાસ્પદ સ્થળ તરીકે સમર્પિત પરિચિત સ્વર્ગના તથ્ય વિશે જાણવા માટે અહી આવી પહોંચશે.

ખાડા-ટેકરાવાળી ખીણમાં ફેલાયેલા ૧૭૬૪ ચોરસ કિમીના ડાંગ જૈવિક વિસ્તાર કે જયાં સાહ્યાદ્રી પર્વતોની શ્રેણીઓ પશ્ચિમ ઘાટ અને લંબાણ સહિત સાપુતારાને મળે છે. તેના બંધારણ તરીકે મુખ્યત્વે જવાળામુખીની ક્રિયામાંથી ઉત્પન્ન થયેલા ખડકો, તેના વન્ય કવચ તરીકે વાંસની વાડીઓ, -મુખ કુદરતી દેખાવ તરીકે સાગના વૃક્ષો તેમજ કુદરતી વન્ય લેખકે આ પુસ્તક મારફ્તે ડાંગ દરબાર કહેવાતા એક અનોખા પરંપરાગત ઉત્સવની વિશેષ લાક્ષણિક્તાઓ દર્શાવી છે. દરબારની પરંપરા બ્રિટીશ સમયથી ચાલી આવે છે, જયારે સ્થાનિક શાસકો, રાજા અને નાયકોને આ કટ્ટર જન્મજાત આદિવાસીઓને અમુક -કારની ઉદારશીલ -ક્રિયા અન્વયે રાજકીય એજન્ટો વાર્ષિક આર્થિક સહાય ચૂકવતા હોય છે.

તદઉપરાંત, પરંપરાગત રીતે સાજા-નરવા કરનારા વ્યક્તિઓ કે




ડાંગ આધ્યાત્મવાદનું -તિક છે. આ વિસ્તારની એક મુલાકાત તાજગીસભર છે અને અહીના લોકો સાથેની મુલાકાત હંમેશા અત્યંત આનંદિત બનાવનારી છે. આ સ્થળ પહાડોથી ઘેરાયેલું છે, આદિવાસી માનવવસ્તી ધરાવે છે તેમજ તેને કુદરતી રોગહારક ઔષધીની બક્ષિસ હોવાથી તે લેખકશ્રી ડૉ. એસ. કે. નંદા માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. તેમણે દરેક ગામની મુલાકાત લીધી છે અને તેઓ દરેક જૂથના આગેવાનોને અન્ગત રીતે જાણે છે. આ કોફી ટેબલ કર્યું છે.

આ જિલ્લો પછતપણામાંથી વિકાસ, અલગતાથી -ચલિતતા, આત્મવિશ્વાસ-વિહીનતાથી દ્રઢ વિશ્વાસમાં બદલાવ પામવાનો સાક્ષી બન્યો છે અને સંસ્થાઓ હવે સકારાત્મક વિકાસ માટે આધાર પુરો પાડવા તરફ -ગતિ કરી રહી છે. આ પુસ્તક મારફતે ડૉ. નંદાને એ બાબતની ખાતરી છે કે જયારે એક પછી એક પેજ વાંચશો તો આ સ્થળ માટેની આસક્તિમાં વધારો થશે અને વધુને વધુ લોકો ભારતના આ અલ્પ -દેશોમાં છૂટા-છવાયા ફેલાયેલા ગ્રામ્ય વિસ્તારો આ પાગલ કરનારા શહેર અને ઔપચારિક તંત્રમાંથી રસ-દ વિદાય પુરી પાડે છે. આ પુસ્તકમાં મુખ્યત્વે જીલ્લાના ઈતિહાસ, ડાંગના લોકો, આદિવાસી જીવન, ધાર્મિક વિધિઓ, ભગવાનના વિવિધ સ્વરૂપ, -ચીન દંતકથાઓ, પરંપરાગત માન્યતાઓ અને પરિધાનતત્વો, આદિવાસી શિષ્ટાચાર અને રીત-રીવાજો, સ્મારકો, જૈવીક વૈવિધ્ય અને ડાંગના મોટા ભાગના -વાસન સ્થળોને કેન્દ્રિત કરવામાં આવ્યા છે. જેમને ભગત કહેવાય છે, તેમના વિશે એક વિશિષ્ટ અહેવાલ છે. અહી એ સમજવું અગત્યનું છે કે હજુ પણ ડાંગના લોકો સાજા-નરવા કરવાની પરંપરાગત પદ્ધતિમાં વિશ્વાસ ધરાવે છે. ભગત (મહંત અને ઔષધી માનવ)ને મૂળભૂત ભગવાન માનવ તરીકે માનવામાં આવે છે. -કરણમાં અમુક વસ્તુલક્ષી ઉદાહરણો પણ સાંકળી લેવામાં આવ્યા છે. પુસ્તકમાં માલિકી વૃક્ષ, લોક દરબાર, ડેરી વિકાસ, વાડી યોજના વગેરે જેવી સરકારી યોજનાઓ કે જેની અહી નોંધ લેવાય છે, તેના વિશે પણ માહિતી પુરી પાડવામાં આવી છે.

પુસ્તકમાં હિજરત, આજીવિકા, ક્ષમતાનું સર્જન, ભૌગોલિક પાસાઓ, વિકાસ અને ગ્રામ સભાના સશક્તિકરણમાં ઉદભવતા ટીકાત્મક તફાવત વગેરે જેવા અગત્યના મુદ્દાઓ પણ ઉઠાવવામાં આવ્યા છે. આ પુસ્તકમાં હિજરત જેવા મુદ્દાઓનું વિગતવાર આત્મનિરીક્ષણ તેમજ તેના પાસાઓ સુંદર રીતે વ્યક્ત કરવામાં આવ્યા છે. આ પુસ્તકથી ચોક્કસપણે નૃવંશશાસ્ત્રીઓ, નીતિના ઘડવૈયાઓ, સંશોધકો, પર્યટકો અને સમસ્ત -કૃતિ -મીઓને લાભ થશે. અમને આશા છે કે વાંચકો અહી વસવાટ કરતા આદિવાસી લોકો અને સ્થળોની વિગતવાર માહિતી સહિતના હાઈ રિઝોલ્યુશન ફોટોગ્રાફ્સ જોઈને મંત્રમુગ્ધ બની જશે.




કેલોરેક્સ પબ્લિક સ્કુલ, ગાંધીનગર દ્વારા ટ્રાફિક સેફટી વિકની ઉજવણી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આજે શાળાના કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ શહેરના મુખ્ય માર્ગો પર એક માસ વોકનું આયોજન કર્યું હતું. આ વોક દરમિયાન તેમણે ટ્રાફિક સલામતીને લગતા સુત્રો દર્શાવતા બેનર તથા પોસ્ટર દર્શાવી લોકોમાં ટ્રાફિક સલામતિ અંગે જાગૃત્તિ ફેલાવી હતી.

## હરિની દૃષ્ટિ...




સાહેબ તમારી સરકારના એક કરોડનાં એમ.ઓ.યુ.માંથી ચૌદશો તેતાલીસનું રૂપિયાનું બીલ આપી દો ને....?!

## આર.એન.પટેલ પ્રાઈમરી સ્કુલમાં તહેવારના કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર તા.૧૭

શ્રીમતી આર.એન.પટેલ પ્રાથમિક શાળામાં ધો-૫ અને ધો-૭ના બાળકો દ્વારા ઉત્તરાયણ અને પ્રજાસત્તાક દિનના તહેવાર અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૫ના વિધાર્થીઓ ઉત્તરાયણ નિમિત્તે વકતવ્ય, ડાન્સ, ગીતો તથા પ્રજાસત્તાક દિન નિમિત્તે ધો-૭ના વિધાર્થીઓએ દેશ ભકિત ગીતો ગાયા અને દેશ નેતાઓ વિષે વકતવ્ય આપ્યું. આઝાદી માટે શહીદ થયેલા વીરોને શ્રધ્ધાંજલિ આપી ધો-૫ના વિધાર્થીઓએ રામ,લવ-કુશ, દશરથરાજા, શિવાજી, ઝાંસીની રાણી, લક્ષ્મીબાઈ, શબરી, સાસુ-વહુ, કૃષ્ણ, ગણપતિ, શંકર ભગવાન વગેરે પાત્રોની વેશભૂષા કરી હતી.

વિધાર્થીઓ દ્વારા વ્યસન મુકિત, દહેજ પ્રજા સ્ત્રી ભૃણહત્યાના સંદર્ભમાં 'કરિયાવર' નાટક ભજવ્યું હતું. શિક્ષકોએ કાર્યક્રમને સફળ બનાવવા પ્રોત્સાહન આપેલ હતું.

## નર્સિંગ કોલેજનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૧૭

ગાંધનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં પાંચમી લાંબો કૂદકોમાં પ્રથમ નંબરે તથા જીલ રાવલ ૧૫૦૦ મીટર દોડમાં દ્વિતિય નંબરે વિજેતા બન્યા હતા.



એથ્લેટીક મીટ ૨૦૧૪ તાજેતરમાં એ.એ. પટેલ કોમર્સ કોલેજના યજમાન પદે યોજાઈ હતી. આ એથ્લેટીક મીટમાં સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો.

આ એથ્લેટીક મીટમાં ચક્ર ફેંકમાં પ્રિયંકા ચૌધરી પ્રથમ નંબરે, જાગૃતિ ચૌધરી ઊંચો કૂદકો અને આ ઉપરાંત શિવાની પટેલ અને ભૂમિકા પટેલ ખો-ખો માટે તેમજ ક્રિશ્ના ખારા કબડ્ડી માટે યુનિવર્સિટી કક્ષાએ પસંદગી પામ્યા છે.તમામ ખેલાડીઓને કોલેજના આચાર્યા રવિનાબેન, કેમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસ, સ્પોર્ટસ ઈન્ચાર્જ પ્રો. રાજેશ રાવલ તથા પ્રો. નિતિન દેવડીયાએ અભિનંદન પાઠવ્યા હતાં.

# જંગ-એ-દિલ્હી : કડકડતી ઠંડીમાં પણ સિયાસી ગરમાવો...!!!

મહાભારતના યુધ્ધમાં લડતા પહેલા મુંજાઈને ઉભા રહી ગયેલો અર્જુન યાદ છે ને? હે પ્રભો, આ બધા તો મારા જ સગા-વહાલા છે આમની સાથે હું કેમ યુદ્ધ કરું? આવી મૂંઝવણ શ્રીકિષ્ણને કહેતા અર્જુન જેવી મૂંઝવણ અત્યારે તો શ્રી અરવિંદ કેજરીવાલ અનુભવી રહ્યા હશે. જો કે અરવિંદ અર્જુન નથી કે એમને રસ્તો બતાવી શકે એવા શ્રી કૃષ્ણ અન્ના હજારે પણ એમની સાથે નથી .સાલ્લુ પોલીટીકસ બી અજબ ચીજ છે, ક્યારે કોણ સાથે હોય ને ક્યારે કોણ સામે એનું કાઈ નક્કીનાં કહેવાય ને એનાથી પણ વધુ મુશ્કેલ પરીશ્થીતી એ આવે કે હૈશો હૈશો કરીને કે આપણને પોરસ ચડાવીને કોઈ એક પ્રવાસ કે પછી લડતની શરૂઆત કરાવનાર કે પછી સાથ આપનાર અર્ધે રસ્તે અચાનક સાથ છોડી જાય તો ચોક્કસ એ પ્રવાસ કે લડતના બધા અંકગણિત એક વાર તો વિખાઈ જ જાય અને એમાયે જો એ સાથ છોડનાર પાછા સાવ નજદીકિયા કે રાઝદાર હોય તો પત્યું..!!! શ્રી શ્રી મફલર બાબા અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીની હાલત અત્યારે દિલ્હીની લડાઈમાં કૈક એવી જ છે...!!!

યસ, બ્યુગલો ફૂંકાઈ ચુક્યા છે, રણભમ્ભેરી વાગી ચુકી છે, હાકલા-પડકારા ચાલુ થઈ ગયા છે, પ્યાદાઓ ગોઠવાઈ રહ્યા છે, શતરંજ બિછાવાઈ રહી છે.... હોશિયાર... ખબરદાર દિલ્હીનો જંગ શરુ થઈ ચુક્યો છે. આમ તો દિલ્હીમાં મોસમનો પારો ગગડી રહ્યો છે પણ દિલ્હીવાસીઓને આ કડકડતી ઠંડીમાં પણ ભયાનક ગરમીનો અહેસાસ થવાના પુરેપુરા એંધાણ વર્તાઈ રહ્યા છે. આ તમે વાંચતા હશો એના વીસેક દિવસ પછી દિલ્હીના તખ્ત પર કોણ બેસશે એનો ફેસલો મતપેટીઓમાં બંધ થઈ ગયો હશે. સમય સાવ જ ઓછો છે. પેલું કહે છે ને કે રાત થોડી ને વેશ જાજા...એક્જેટલી અત્યારે ત્રણેય મુખ્ય પાર્ટી માટે તો આવો જ સિનારિયો છે અને એટલે જ દરરોજ નહિ પણ દર બે કે ત્રણ કલાકે દિલ્હીની રાજનીતિ નવી નવી કરવટો લઈ રહી છે. લડાઈ કાતિલ અને ખૂંખાર બનવાના પુરા એંધાણ દેખાઈ રહ્યા છે.

રાષ્ટ્રીય પાર્ટી બનવાના પુરજોશમાં ધમપછાડા કરી લીધા પછી અરવિંદ અને આપ માટે હવે ફક્ત અને ફક્ત દિલ્હી જ એકમાત્ર લાસ્ટ હોપ છે એમાં શંકાને કોઈ સ્થાન, આંખ કે કાન નથી જ અને એટલે જ અરવિંદ એન્ડ કમ્પની દિલ્હીની આ લડાઈમાં જી જાનથી કુદી પડી છે. પણ સામે પણ પરીશ્થીતી ૨૦૧૩ કરતા થોડી વધારે બદલાયેલી છે. ૨૦૧૩માં કેન્દ્રમાં કોંગ્રેસ સરકાર હતી કે જેના પર પ્રજાનો બિલકુલ ભરોસો નહોતો, દિલ્હીમાં શીલાબેનની સરકારના એક પછી એક ગોટાળાઓ બહાર આવ્યે જતા હતા, દિલ્હીની પ્રજા શીલાના શાસનથી ત્રાહિમામ પોકારી ચુકી હતી. વધુમાં નરેન્દ્ર મોદીનો સિતારો હજુ દિલ્હીમાં ચમકવો બાકી હતો અને સૌથી અગત્યનું કે દેશભરની પ્રજાની જેમ જ દીલ્હીવાસીઓમાં અરવિંદ અને આમ પાર્ટી પ્રત્યે શ્રધ્ધા અને વિશ્વાસ પુરજોશમાં હતો. પરિણામે શીલા જેવી શીલાને હરાવીને અરવિંદ અને આમ આદમી પાર્ટીએ જબરદસ્ત દેખાવ કર્યો પણ હાથી પુછ્ડે આવીને અટક્યો અને અંતે એ જ કોંગ્રેસ સાથે બેસીને ૪૯ દિવસ રાજ કરવું પડ્યું. બસ આ ૪૯ દિવસના ભાથા પર જ હવે ૨૦૧૪ની વૈતરણી તરવા માટે અરવિંદ એન્ડ પાર્ટી તૈયાર છે.

હવે સિનારિયો ચેન્જ થઈ ગયો છે એમાં તો અરવિંદ બી નાં પડી શકે એમ નથી. હવે શીલા નથી કે નથી કોંગ્રેસની કોઈ નાકાબંધી પણ હવે અશ્વમેઘયજ્ઞ કરી ચુકેલા નરેન્દ્ર મોદી અને બહુમતિવાળી કેન્દ્ર સરકાર અને પ્રજાની તાકાત જેની પાછળ છે એવી ભાજપા સાથે અરવિંદ અને કોંગ્રેસની ભીડંત થવાની છે. મુકાબલો રસપ્રદ અને જીવસટોસટનો થવાનો છે અને એનું ફટાફટ ટ્રેલર ચાલુ થઈ ગયું છે. ૨૦૧૩ના ભાજપ અને ૨૦૧૪ના ભાજપમાં સૌથી મોટો કોઈ તફાવત હોય તો એ છે ભાજપ અધ્યક્ષ અમિત શાહ અને વડાપ્રધાનની ખુરસી પર બિરાજમાન નરેન્દ્ર મોદીની જુગલબંદી. દિલ્હીની આ વખતની ચુંટણી કદાચ સૌથી વધુ માઈન્ડ ગેમ તરીકે રમાશે એ નક્કી છે કેમકે એક બાજુ વિચક્ષણ અને રાજકીય દાવપેચમાં માહિર રાજપુરુષો છે અને બીજી બાજુ પોતાના હોવાપણા ની સાબિતી આપવા મથતી બે પાર્ટી છે..કોંગ્રેસ અને આક્રમક આપ...!!!

પ્રેમ અને યુધ્ધમાં બધું જાયજ છે પણ ખરેખર તો પ્રેમ, યુદ્ધ અને રાજકારણમાં એવરી થિંગ ઈઝ વેલીડ યુ નો !!! પહેલો ઘા રાણાનો એ મુજબ ભાજપે આપના ગઢમાં એક નહિ પણ બે ઘા ઠબકારી દીધા છે. પહેલો ઘા શાઝિયા ઈલ્મીનો અને બીજો કિરણ બેદીનો. યસ કિરણ બેદીને આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા નાં ગણી શકાય પણ અન્નાના આંદોલન વખતથી અરવિંદના જોડીદાર રહ્યા છે. અરવિંદે પાર્ટી બનાવી રાજકારણમાં પ્રવેશ કર્યો એ રીતે જોવા જાવ તો પણ કિરણનો ભાજપ પ્રવેશ ઘર કા ભેદી લંકા ઢાંયે જેવો દેખાવ તો અચૂક ઉભો કરી રહ્યો છે અને અરવિંદ ભલે ને એમ કહે કે કિરણની રાજકીય




રજળપાટ
અજય ઉપાધ્યાય

એન્ટ્રીથી મને બહુ ખુશી થઈ પણ અંદરખાને એ અને આપના નેતા સારી રીતે જાણે છે કે કિરણની સાફ છબી આપ અને અરવિંદની ૪૯ દિવસવાળી છબી પર હિમાલય જેટલી ભારી પડી શકે છે. કિરણ દિલ્હીની મુખ્યમંત્રી પદની ઉમેદવાર છે કે નહિ એ તો હજુ સ્પષ્ટ નથી પણ જો ભાજપ એને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરશે તો અરવિંદના સીએમ બનવાના ચાન્સીસ ગગડી જવાના છે એ નક્કી છે.

અને એનું કારણ છે કિરણની મજબુત, સ્વચ્છ અને સફળ છબી. ભલે કિરણ અંગત જીંદગીમાં સાવ જ નિષ્ફળ મહિલા હોય પણ દેશની પ્રથમ આઈએસ ઓફિસર તરીકે અને પછીથી અન્નાના અંદોલન વખતે કે બીજી કોઈ પણ દેશને લગતી બાબતોમાં એના વિચારો પ્રત્યે માન ધરાવનાર એક મોટો વર્ગ દેશમાં અને દિલ્હીમાં મોજુદ છે. ભાજપ પાસે દિલ્હીમાં કોઈ સ્વચ્છ અને લોકપ્રિય ચહેરો નથી એ હકીકત છે અને અરવિંદજી એમની સ્ટાઈલ મુજબ ભાજપ અને કોંગ્રેસના નેતાઓ પર ભ્રષ્ટાચારના એટેકો કરી રહ્યા છે એવે વખતે ભાજપ પાસે કોઈ સ્વચ્છ પ્રતિભાવાળો ચહેરો હોવો જરૂરી બને છે કેમકે ગઈ ચુંટણીના સીએમ ઉમેદવાર ડો. હર્ષવર્ધન હવે કેન્દ્રમાં પ્રધાન છે અને બીજી પાર્ટીઓની જેમ જ ભાજપના દિલ્હી એકમમાં પણ આંતરિક જૂથબંધીનો રાફડો ફાટ્યો છે આવા સમયે કિરણ અને શાજીયાનો ભાજપ પ્રવેશ દિલ્હી ભાજપ અને કેન્દ્રીય નેતાગીરી માટે એક રાહતની ખબર છે.

કિરણ બેદી મુખ્યમંત્રીપદના ઉમેદવાર છે કે નહિ એ કહેવું મુશ્કેલ તો નથી જ હા એટલું ખરું કે ભાજપ કોઈ પણ ભોગે ૨૦૧૩ની કસર પૂરી કરવાના મુડમાં છે. ૨૦૧૩ અને ૨૦૧૫ વચ્ચે બદલાયેલા કેસરિયા પવનનો મોદી અને ભાજપ કોઈ પણ પ્રકારે લાભ ઉઠાવશે એ કિરણ અને શાઝીયાના ભાજપ પ્રવેશ પરથી સ્પષ્ટ દેખાઈ આવે છે અને ભાજપની સત્તા હાસલ કરવાની આક્રમકતા જેટલી તીવ્ર થતી જશે એટલી જ અરવિંદ અને આમની મુશ્કેલીઓમાં વધારો થવાનો એ નક્કી છે. યસ, ૪૯ દિવસના શાશનનો જાદુ હજુ પણ દિલ્હીની જનતા પર હશે જ એમાં નાં નહિ પણ ત્યારની કેન્દ્ર અને દિલ્હીની સરકારની સ્થિતિઓ આપની તરફેણમાં વધુ હતી જે આ વખતે અમુક અંશે વિરુદ્ધમાં દેખાઈ રહી છે. ઝારખંડ, જમ્મુ-કાશ્મીર, હરિયાણા, મહારાષ્ટ્ર જેવા પરિણામો આપ અને કોંગ્રેસે નજર અંદાઝ કરવા નહિ પોષાય.

એ હકીકત છે કે વિધાનસભાની ચૂંટણી લોકસભાની ચુંટણીના આધારે નથી લડી શકાતી કે જીતી શકાતી કેમકે બંને ચુંટણીમાં મુદ્દાઓ અને પ્રચાર અલગ અલગ રહેવાના અને આ વાત અરવિંદ સારી રીતે જાણે છે અને એટલે જ એણે આપના ગઢમાંથી ખરતા આવા મહામુલા તારલાઓ પર અફસોસ જતાવવાને બદલે દિલ્હીની ગલીઓની ધૂળ ફાકવાનું શરુ કરી દીધું છે. ગલીગલી, મહોલ્લે મહોલ્લે જઈને પોતાના ૪૯ દિવસના શાશનની દુહાઈ આપી આપીને લોકોને આપ તરફી કરવાનો પ્રયત્ન જ એકમાત્ર વિકલ્પ બચ્યો છે આપ પાસે એ પાર્ટી અને નેતાઓ બંને સારી રીતે જાણે છે પણ ખાટલે મોટી ખોટ એ છે કે હાથમાં આવેલી સત્તા આપ પાર્ટીએ સાચવી નહોતી જાણી. અરવિંદનું રાજીનામું આપવું એ મૂર્ખાઈ હતી એ ખુદ અરવિંદ હવે દિલ્હીની ગલી સભાઓમાં કબૂલી રહ્યા છે અને કદાચ આ એક જ વસ્તુ આ વખતે પણ આપની વિરુદ્ધ જઈ શકે છે.

ઓપીનીયન પોલ શરુ થઈ ચુક્યા છે, આપ માટે રાહતની વાત એ છે કે હજુ પણ ઓપીનીયન પોલ્સમાં સીએમ માટે અરવિંદ જ જનતાની પસંદ છે પણ બીજી તરફ લગભગ બધા જ પોલ ભાજપને બહુમતી મળશે એ વાત તરફ ઈશારો કરે છે. મતપેટીનો પોલ કૈક અલગ જ નીકળે એવી આશા આપ રાખી રહ્યું હોય તો નવાઈ નહિ. જનતાને રીઝવવાના પૂરતા પ્રયત્નો બધી જ પાર્ટી કરી રહી છે. ભાજપ સારી રીતે જાણે છે કે દિલ્હીની ચુંટણી પર પક્ષની સાથે સાથે મોદીની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગેલી છે. અરવિંદ મોદી પર પ્રહારો કર્યે જાય છે અને એક વડાપ્રધાન તરીકે હોદ્દાની મર્યાદામાં રહીને અરવિંદ અને આપના દરેક આક્ષેપો સામે પ્રહાર કરવો મોદી માટે મુશ્કેલ રહેવાનું કદાચ એટલે જ અમિત શાહની આગેવાની નીચે આપ ના ગઢના કાંગરા ખેરવવાની શરૂઆત થઈ ચુકી છે. કિરણના હાથમાં પ્રચારની લગામ સોપીને ભાજપ મોદીને આ વાકયુદ્ધથી દુર રાખવાની રણનીતિ અપનાવી રહી છે અને એમાં એ સફળ પણ થશે જ કેમકે એક જુના જોડીદાર તરીકે કિરણ સામે એલફેલ આક્ષેપો કરવામાં અરવિંદ કેજરીવાલને બે વખત વિચારવું તો પડે જ. અરવિંદની આક્રમક પ્રચારશૈલીનો વાર કિરણના આવતા જ બુઠ્ઠો થઈ જવાના વધુ ચાન્સીસ છે અને એ રીતે પણ ભાજપ અરવિંદની આક્ષેપબાજી અને આરોપોની આક્રમક રીતને કાબુમાં રાખી શકશે. હા કિરણ અને શાઝિયાએ મતદાતાઓને પોતાના અગાઉના સ્ટેન્ડ વિષે ચોક્કસ સ્પષ્ટતાઓ આપવી પડશે.

દિલ્હીના જંગમાં સૌથી દયનીય હાલત કોંગ્રેસની છે. ૧૫ વર્ષ દિલ્હી પર રાજ કર્યા પછી એ સરકારની સિધ્ધિઓના નામે આપની જેમ કશું મફત આપવાની કે ઘટાડો કરવાની જાહેરાતો કરવાની સ્થિતિમાં પણ નથી.ગઈ વખતે આપને ટેકો આપ્યા પછી પણ દિલ્હીની જનતામાં કોંગ્રેસ પોતાનું ગુમાવેલું સ્થાન પરત મેળવી શકી નથી એના વિવિધ કારણોમાં એક તો લોકસભામાં મળેલી કરારી હાર પછી જાણે કે કોંગ્રેસ પક્ષ અને નેતાગીરી મ્યુટ મોડમાં જતી રહી છે. નાં તો સોનિયા કે નાં તો રાહુલ હજુ સુધી દિલ્હીના જંગમાં પોતાને ઉતારી રહ્યા છે. બીજું કે ભાજપનો વિજયી અશ્વ પુરઝડપે દેશભરમાંથી કોંગ્રેસનો સફાયો કરી રહ્યો છે એનો ડર પણ દિલ્હીના જંગમાં કોંગ્રેસ નેતાગીરીમાં ડોકાઈ રહ્યો છે. અજય માકનને ચુંટણીની કમાન તો આપી દીધી છે પણ સબળ નેતાગીરીની ઉણપ, ટોચના નેતાઓની નિષ્ક્રિયતા, જૂથબંધી અને ખાસ તો આત્મવિશ્વાસનો અભાવ દિલ્હીની આ ચુંટણીમાં કોંગ્રેસને સૌથી વધુ નડશે એ નક્કી છે. બે બળીયાની લડાઈમાં દિલ્હીમાં કોંગ્રેસ રામભરોસે સ્થિતિમાં જ છે, એટલીસ્ટ અત્યાર સુધીમાં તો કોંગ્રેસ તરફથી બીજી પાર્ટીઓના નિવેદનો વખોડવા સિવાય કોઈ અચંબિત કરી દેતી આક્રમક જાહેરાત નથી થઈ.

કિરણની ભાજપ એન્ટ્રીથી અચાનક જ દિલ્હીનો જંગ કેજરીવાલ વિરુદ્ધ મોદીથી થોડા ડીગ્રી હટી ગયો છે. આમ તો આપમાં પણ અરવિંદને લગભગ એકલા ચાલો રે જેવી જ સ્થતિ છે. કુમાર વિશ્વાસ હા ના કરતા કરતા પ્રચારમાં જોડાયા તો છે પણ હજુ એને પણ લોકસભાની કળ વળી નથી એ હકીકત છે. સામે ભાજપ ૨૦૧૩ કરતા વધુ મજબુત, વધુ એકજુટ અને વધુ આક્રમક છે. રણનીતિનો માહિર છે અને વધુમાં કેન્દ્રમાં એમની સરકારનો ફાયદો છે. અરવિંદના આક્રમક પ્રચાર સામે અમિત શાહ- મોદીની જુગલબંધી અત્યારે તો ભારે પડી રહી હોય એવું દેખાઈ રહ્યું છે. લાગે છે કે અસ્તિત્વની આ આખરી લડાઈમાં આપની છેલ્લી ઈનિંગ જ હશે કે પછી ફરી એક વાર દિલ્હીના નસીબમાં હજ્રે હજ્રે ચાલતી સરકાર આવે છે એનો ફેસલો તો ૧૦મી ફેબ્રુઆરી એ જ આવશે પણ દિલ્હીના આ યુધ્ધમાં કિરણ અને શાઝિયા જેવા પ્યાદાઓ ઉતારીને ભાજપે અર્ધી બાજી તો પોતાને નામ કરી જ દીધી છે એ હકીકત છે, જોઈએ આપ તુટતા તારલાઓ વચ્ચે રાતને કેવીક રંગીન બનાવે છે....???